| | | |
|---|---|---|
| | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ :૧૯/૦૨/૨૦૨૬<br>નોંધ્યા તારીખ :૧૯/૦૨/૨૦૨૬<br>ફેંસલ તારીખ :૧૭/૦૭/૨૦૨૬<br>સમયગાળો : વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૪ ૨૮ |

**ફોર્મ – 'એ'**

## સાવરકુંડલાના મહે. એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ – સાવરકુંડલા

**ફોજદારી કેસ નં. ૧૭૦/૨૦૨૬**
**આંક :–**

(ચુકાદા તારીખ : ૧૭/૭/૨૦૨૬)

(વંડા પો. સ્ટે. ગુ. ર. નં. ૭૧/૨૦૨૫)

**ફરિયાદી :–** શ્રી સરકાર

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. એમ. એમ. સકસેના.

**વિરૂધ્ધ**

**આરોપી :–** (૧) જેન્તીભાઈ પ્રાગજીભાઈ બરવાળીયા, ઉ. વ. ૫૫, ધંધો– ખેતી,રહે. જેજાદ, તા. તા. સાવરકુંડલા, જિ. અમરેલી.

આરોપીપક્ષ તરફે વિ. વ. શ્રી. એમ. એમ. બાવનકા

**ફોર્મ – 'બી'**

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૦૮/૦૬/૨૦૨૫ |
| **એફ.આઈ.આર. ની તારીખ** | ૦૯/૦૬/૨૦૨૫ |
| **ચાર્જશીટ રજુ તારીખ** | ૧૯/૦૨/૨૦૨૬ |
| **તહોમતનામું ઘડયા તારીખ** | ૦૮/૦૪/૨૦૨૬ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | ૦૬/૦૭/૨૦૨૬ |
| **ચુકાદા પર રાખ્યા તારીખ** | ૧૭/૦૭/૨૦૨૬ |
| **ચુકાદા તારીખ** | ૧૭/૦૭/૨૦૨૬ |

| | |
|---|---|
| **સજાના હુકમની તારીખ, જો હોય તો** | – |

## <u>આરોપીની વિગતો</u>

| આરોપી નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુકત કર્યા તારીખ | આક્ષેપિત ગુના | છોડી મુકેલ છે કે સજા કરેલ છે | કરવામાં આવેલ સજા | ફો.કા.સં.ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જેન્તીભાઈ પ્રાગજીભાઈ બરવાળીયા | ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ બી. એન. એસ. એસ.ની કલમ–૩૫ (૩) મુજબ નોટીસ આપેલ અને આરોપી હાજર રહેલ જેથી અટક કરેલ નથી. | – | બી. એન. એસ. ની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ | છોડી મુકેલ છે. | – | – |

## <u>ફોર્મ–'સી'</u>

## એ. <u>ફરીયાદપક્ષ તરફેના મૌખીક પુરાવાઓનું લીસ્ટ :–</u>

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૦૭ | નરશીભાઈ જીવરાજભાઈ બગડા | ફરીયાદી |

## બી. <u>ફરીયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–</u>

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૮ | ફરીયાદની ખરી નકલ |
| ૨. | ૦૯ | બનાવવાળી જગ્યાનુ પંચનામાની ખરી નકલ |
| ૩. | ૧૦ | આરોપીનુ અટક પંચનામાની ખરી નકલ |

| | | |
|---|---|---|
| ૪ | ૧૧ | મેડીકલ સર્ટીની નકલ |

**-: ઠરાવ :-**

(૧) ફરિયાદક્ષની ટુંકમાં વિગતો એવી છે કે, આરોપીએ ગઈ તા.૦૮/૦૬/૨૦૨૫ ના રોજ આરોપીએ પોતાના હવાલા વાળી મો. સા. રજી. નં. જીજે. ૧૪. જે. ૭૭૪૦ વાળી જેજાદ ગામ તરફથી પુરપાટ ઝડપે બેફીકરાઇથી ચલાવી આવી ફરીયાદીને પોતાની વાડી પાસે અથડાવીને ફરીયાદીને ડાબી બાજુના પડખાના ભાગે ઇજા કરી પોતાના હવાલાવાળી મો. સા. સ્થળ ઉપર મુકી નાસી જઇ ગુન્હો કરી આરોપી વિરુધ્ધ **વંડા પો. સ્ટે. ગુ. ર. નં. ૭૧/૨૦૨૫** થી નોંધાયેલ. જે અંગે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુન્હો કરેલ હોય જેથી આરોપીઓ વિરૂધ્ધ **બી.એન.એસ.ની કલમ ૨૮૧, ૧૨૫(એ) તથા એમ. વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબનો ગુન્હો બનતો હોય, **બી. એન. એસ. એસ. કલમ-૧૯૩** મુજબનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતા, આરોપી સામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપી હાજર થતા, તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ **આંક-૬** થી આરોપીની પ્લી નોંધતા આરોપીએ તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલ, જેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષ તરફથી તેમના કેસનાં સમર્થનમાં ઉપરોકત **ફોર્મ : સી** માં ફરિયાદપક્ષના સાક્ષીઓની યાદીમાં જણાવ્યા મુજબના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે તેમજ ફરિયાદપક્ષના આંકે પડેલ દસ્તાવેજોની યાદીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ આરોપીનુ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૫૧** હેઠળ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોય, જેથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ફરિયાદપક્ષ તરફે વિ. એ. પી. પી. શ્રીની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. તેઓએ ફરીયાદીની ફરીયાદ હકીકત તથા રેકર્ડ પરના તમામ પુરાવાઓને ધ્યાને રાખી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોય આરોપીને કાયદામા પ્રસ્થાપિત જોગવાઈ મુજબ સજા તથા દંડ કરવા રજુઆત કરેલ છે. જયારે બચાવપક્ષ તરફેના વિ. વ.શ્રીએ દલીલ કરતા રજુઆત કરેલ છે કે આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત તથા સોગંદ પરના પુરાવામા પ્રથમ દર્શનીય રીતે વિરોધાભાસ જણાઈ આવતો હોય જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરી શકેલ ન હોય જેથી આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૬) ઉપરોકત ચર્ચાને આધારે સદર કેસમાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે :

**૧.** શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા.૦૮/૦૬/૨૦૨૫ ના રોજ આરોપીએ પોતાના હવાલા વાળી મો. સા. રજી. નં. જીજે. ૧૪. જે. ૭૭૪૦ વાળી જેજાદ ગામ તરફથી પુરપાટ ઝડપે બેફીકરાઇથી ચલાવી આવી ફરીયાદીને પોતાની વાડી પાસે અથડાવીને ફરીયાદીને ડાબી બાજુના પડખાના ભાગે ઈજા કરી પોતાના હવાલાવાળી મો. સા. સ્થળ ઉપર મુકી નાસી જઈ **બી.એન.એસ.ની કલમ ૨૮૧, ૧૨૫(એ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૬.૧) ઉપરોકત મુદ્દાઓ માટેના અત્રેની કોર્ટનાં નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નકારમાં

મુદ્દા નં.૨ :– આખરી હુકમ મુજબ.

**મુદ્દા નંબર : ૧ ની ચર્ચા ::**

(૭) આપણી ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતિ મુજબ આરોપી સામે આક્ષેપાયેલા ગુનાઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિ:શંકપણે પુરવાર કરવાની

જવાબદારી પ્રોસીકયુશન પક્ષની થાય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી.

(૮) આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ સાહેદોની જુબાની રેકર્ડ પર હોય, પુનરાવર્તન ટાળવા તેમની જુબાનીઓનુ આબેહુમ વર્ણન અત્રે કરેલ નથી, પરંતુ યથાયોગ્ય જગ્યાએ તેના મુલ્યાંકનની ચર્ચા કરેલ છે.

(૯) ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, મહત્વના અને અસરકર્તા એવા ફરીયાદી નરશીભાઈ જીવરાજભાઈ બગડાએ આંક–૦૭ થી પોતાનો પુરાવો રજુ કરેલ છે. સદરહુ સાહેદનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ તેમની સરતપાસમાં ફરીયાદ હકીકત મુજબનો પુરાવો રજુ કરેલ છે, પરંતુ સદરહુ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા અકસમાતવાળા વાહનના નંબરની તથા ઝડપની તેમને ખબર ન હોવાની, તેમજ આરોપી વિરૂધ્ધ ઉશ્કેરાટમા તથા આવેશમા આવીને ફરીયાદ કરેલ હોવાની હકીકત સ્વીકૃતિના સ્વરૂપમા બહાર આવેલ છે. તેમજ જે બનાવ અન્વયે તેઓએ ફરીયાદ આપેલી. તેવી હકીકત જણાવી પોતે આપેલ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી, સદર ફરીયાદને **આંક–૦૮** થી રજુ કરેલ છે.

(૧૦) વિશેષમાં આ કામે આંક–૯ થી ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ, તથા આંક–૧૦ થી આરોપીના અટક પંચનામાની નકલ, આંક–૧૧ થી મેડીકલ સર્ટીની ખરી નકલ રજુ થયેલ છે. જેમાં બચાવપક્ષેઆંકે પાડવા સામે વાંધો ન હોવાનો શેરો કરી આપતા સદર દસ્તાવેજી આધારોને પુરાવામાં આંકે પાડી વંચાણે લીધેલ છે. અલબત સદર દસ્તાવેજી આધારોના સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો સદર કેસના અસરકર્તા સાક્ષી એવા ફરીયાદી નરશીભાઈ બગડા(આંક–૦૭) નાઓ તેમની સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થન કરે છે પરંતુ ઉલટતપાસમા અકસ્માતવાળા વાહનના નંબરની તથા ઝડપની તેમને ખબર ન હોવાની તથા આરોપી વિરૂધ્ધ ઉશ્કેરાટમા તથા આવેશમા આવીને ફરીયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

આમ ફરીયાદપક્ષના અસરકર્તા સાહેદના પુરાવા પરથી આ કામના આરોપી અને ફરીયાદપક્ષના સાહેદ વચ્ચે મો. સા. અથડાવવા બાબતે કોઈ ઘટના બનેલ હોય અને તેમા અકસ્માત કરનાર વાહનના ચાલક આ કામના આરોપી હોય તેવી અને અકસ્માત કરનાર વાહનના ચોકકસ રજી. નંબરની ફરીયાદીને ખબર કે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમા ખુદ ફરીયાદીએ તેમની ઉલટતપાસમા આરોપી સામે ઉશ્કેરાટમા તથા આવેશમા આવીને ફરીયાદ આપેલ હોવાનુ જણાવેલ છે.

**(૧૨)** આમ રેકર્ડ પર આવેલ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીએ ફરીયાદપક્ષના અસરકર્તા સાહેદ સાથે રોંગ સાઈડમા આવી પોતાના હવાલાવાળુ મો. સા. અથડાવી ફરીયાદીને ઈજા પહોચાડેલ હોય તો તેવી મહત્વની હકીકત પુરવાર થતી ન હોય અને તે રીતે આરોપીને તેમની સામે આક્ષેપાયેલ ગુનામાં સાંકળી શકે તેવો નકકર, સ્પષ્ટ અને કડીબધ્ધ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ ન હોય, બનાવમાં આરોપીની સંડોવણી અંગે શંકા ઉદભવતી હોય, ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ જયારે બનાવમાં આરોપીની સંડોવણી અંગે શંકા ઉદભવે ત્યારે તેનો લાભ હંમેશા આરોપીને મળવાપાત્ર હોય, આ સંજોગોમાં આ કામના આરોપીને તેઓની સામે આક્ષેપીત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી તેવુ આ અદાલતનુ માનવુ છે.

**(૧૩)** વધુમાં, અસરકર્તા પક્ષકાર ધ્વારા **આંક–૧૨** થી પુરાવો પુરો થયાની પુરશીશ રજુ કરેલ છે. આમ, જયારે પક્ષકારો પુરાવો પુરો થઈ ગયાની પુરશીશ રજુ કરતા હોય, આવા સંજોગોમાં આવા કેસને વધુ સમય સુધી પડતર રાખવો યોગ્ય જણાતો નથી.

**(૧૪)** આમ, રેકર્ડ ઉપર આવેલ ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આરોપી સામે આક્ષેપાયેલ ગુનો પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, તેથી **મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી** મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: : આ ખ રી હુ ક મ: :–**

**(૧)** આ કામના આરોપી નં. (૧) જેન્તીભાઈ પ્રાગજીભાઈ બરવાળીયા, ઉ. વ. ૫૫,

ધંધો– ખેતી, રહે. જેજાદ, તા. તા. સાવરકુંડલા, જિ. અમરેલી નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૪૮(૧) અન્વયે **બી. એન. એસ. ની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ તથા ૧૩૪** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના મુદામાલ વાહન અંગે જો વચગાળાના તબકકે કોઈ હુકમ કરવામા આવેલ હોય તો તે અપીલ સમય વિત્યા બાદ કાયમ રાખવામા આવે છે અને જો કોઈ હુકમ કરવામા આવેલ ન હોય તો અપીલ સમય વિત્યા બાદ તેની માલીકી અંગેની ખરાઈ કરી તેના માલીકને પરત સોપવો.

(૩) **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧** ની જોગવાઈ મુજબ સૂચિત અપીલ માટે અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે **આરોપીએ રૂા.૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)**ના જામીન છ માસના સમયગાળા માટે રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. **૧૭ મી**, માહે–**જુલાઈ**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
KUTBUDDIN NOORMOHAMMED SARVAIYA
Reason: JUDGMENT
at Principal Senior Civil Judge Savarkundla
on 17/07/2026 17:20:09 IST.

સ્થળ: સાવરકુંડલા
તા. ૧૭/૦૭/૨૦૨૬

**(કુત્બુદીન નુરમોહંમદ સરવૈયા)**
એડી. ચીફ જયુડી. મેજી. સાવરકુંડલા
***CODE No. GJ- 00966***